જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૦૬/૨૦૧૮ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૬૮/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી, ૪૦૨ લીટર દેશી દારૂ, ૩૬૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૮૨૪ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૨૪૦ બિયર ટીન, ૦૨ સ્કુટર, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૫૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૬૯/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૭૦ /૧૮

**સરદારનગર** : હરેશભાઇ નંદ્લાલ સચદેવ (ઉ.વ.૪૧)(રહે,સુંદરવન સોસાયટી, નોબલનગર સરદારનગર) એ તા.૨૦/૬/૧૮ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૬/૧૮ થી તા.૨૦/૦૬/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નરેશ ઉર્ફે નિકિ જગદિશકુમાર વાધવાણી (રહે, "એ" વોર્ડ, નરોડા પાટીયા) એ હરેશભાઇ નો કાચો તેમજ રેડીમેડ માલ કુલ કિંમત રૂપિયા ૪,૧૨,૯૪૧/- મતાનો ટ્રાંસપોર્ટ માં મોકલવા સારૂ આપ્યો હતો. જે માલ બારોબાર સગેવગે કરી દઇ, હરેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પ્રજાપતી ચલાવે છે.

**રામોલ** : રાનીદેવી વા/ઓ દિનેશભાઇ કુમાર (ઉ.વ.૩૯)(રહે,હરીધામ સોસાયટી, વિભાગ-૧ એસ.આર.પી. કવાટર્સની બાજુમા બાપા સીતારામ ચોક નવા નરોડા) એ તા.૨૦/૬/૧૮ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા બે વર્ષ થી આજદિન સુધી સમયગાળા દરમ્યાન આરોપી (૧) મધુબહેન અજયભાઇ ઠાકર અને (૨) અજયભાઇ ઠાકર (બંને રહે, વૈદેહી રેસીડેન્સી વસ્ત્રાલ) ભેગામળી રાનીદેવી પાસે થી રૂપીયા ૫,૦૦,૦૦૦/- હાથ ઉછીના લીધેલ હતા. જે રૂપિયા આજદિન સુધી રાનીદેવીને પરત નહી આપી, રાનીદેવી સાથે વિશ્વાસઘાત અને છેતરપિડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.વાઘેલા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૧૭૧ /૧૮**

**રખિયાલ** : કરશનભાઇ આત્મારામભાઇ પટેલ (ઉ.વ.૫૫)(રહે,તપોવન સોસાયટી અનીલ સ્ટાર્ચ રોડ સરસપુર) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૬/૧૮ રાતના ૮/૦૦ થી તા.૨૦/૬/૧૮ ના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન રખિયાલ કેવલકાંટા ચાર રસ્તા ખાતે આવેલ બી.એસ.એન.એલ. ના ડક(ચેમ્બર)માંથી અને નારાયણ હોસ્પીટલ સામે આવેલ બીઆરટીએસ બસ સ્ટેન્ડ ઉપર આવેલ બી.એસ.એન.એલ. ના ડક(ચેમ્બર)માંથી કુલ ૩૬૦ મીટર કેબલ કુલ કિંમત રૂપિયા ૨,૯૦,૦૦૦/- મતાના અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખરસાણ ચલાવે છે.

**ઓઢવ** : સંજયસીંહ ચતુરસીંહ જાડેજા (ઉ.વ.૩૭)(રહે,મારૂતિનગર આશાપુરા પ્રોવીઝન પાસે, જામનગર) એ તા.૨૦/૬/૧૮ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૬/૧૮ ના કલાક ૩/૩૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ વર્ધમાન ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીની બહાર રોડ ઉપર પાર્ક કરેલ પોતાની અશોક લે-લેન્ડ કંપનીની ટ્રકમાંથી પ્લાસ્ટીકના દાણાની બેગ નંગ-૪૫ કુલ કિંમત રૂપિયા ૧,૧૨,૦૦૦/- મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૧૭૨ /૧૮**

**સોલા હાઇકોર્ટ** : મુકેશભાઇ કાળીદાસ પંચાલ (ઉ.વ.૩૯)(રહે.ડાહ્યાકાકાનગર વિભાગ-૧, રામાપીરના મંદીરની સામે ચાંદલોડીયા) એ તા.૨૦/૬/૧૮ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૬/૧૮ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે સોલા સિવીલ હોસ્પીટલના જનરલ પાર્કિંગ માં પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.ટી.બી.૨૯૨૨ કિમત રૂપીયા ૧,૨૦,૦૦૦/- મતાની પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૧૮/૬/૧૮ સાંજના ૪/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અમીતભાઇ રણછોડભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.